સે-૨૮ ના આંતરીક માર્ગોની લાઈટો ડુલ

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર શહેરના સેકટર-૨૮ ના આંતરીક માર્ગની લાઈટ છેલ્લા ઘણા સમયથી બંધ હાલતમાં છે. ઉનાળાની સિઝનમાં જ સાંજ ઢળતા જ સમગ્ર સેકટરમાં અંધકાર છવાઈ જવા પામે છે. નાગરીકોએ તંત્ર સમક્ષ રજુઆત કરી છે તેમ છતા હજુ સુધી વિજપોલની લાઈટોનો ઝગમગાટ જોવા મળ્યો નથી. ત્યારે સ્થાનિક નાગરીકોને રાત્રીના સમયે લાઈટો ન હોવાથી ચોરીનો ભય સતાવી રહ્યો છે. સેકટર-૨૮ ના આંતરીક માર્ગની લાઈટો ઝડપી શરુ કરવામાં આવે તેવી નાગરીકોની લાગણી અને માંગણી છે.

ગાંધીનગર શહેરમાં રાત્રીના સમયે ગમે ત્યાં જાવ તો દિવસ જેટલુ જ અજવાળુ જોવા મળે તે રીતે લાઈટો મુકવામાં આવી છે. શહેરના મુખ્ય માર્ગ સહિત સેકટરોના આંતરીક માર્ગો પર વિજપોલ મુકવામાં આવ્યા છે જેને પગલે સાંજ ઢળતા જ શહેરમાં લાઈટોથી ઝગમગી ઉઠે છે. પરંતુ છેલ્લા ઘણા સમયથી ડુલ થવાના કિસ્સા પ્રકાશમાં આવે છે. ત્યારે સે-૨૮ માં પણ વિજપોલ બંધ હોવાને પગલે સ્થાનિક રહીશો ત્રાહીમામ પોકારી ઉઠ્યા છે.

રાત્રીના અંધકારનો લાભ તસ્કરો ઉઠાવી જાય તેનો ભય નાગરીકોને સતાવી રહ્યો છે તો બીજી તરફ અંધકાર હોવાથી સેકટરમાં અસામાજીક પ્રવૃતિઓ પણ વિકસી શકે છે. જયારે લાઈટો ડુલ હોવાથી મહિલાઓ સાંજ થયા પછી શોંપીગ સેન્ટર સુધી જતી નથી. ત્યારે તંત્ર દ્વારા સત્વરે લાઈટો શરુ કરવામાં આવે તેવી વસાહતીઓની માંગ છે.



‘જ’ રોડ પર વહેલી સવારે બેરફુટ રનીંગ ઈવેન્ટ યોજાઈ

ગાંધીનગરમાં આજે આઠમા આંતરરાષ્ટ્રીય બેરફુટ દિવસની ઉજવણી નિમિત્તે ૫ કિમી અને ૧૦ કિમીની બે બેરફુટ રનીંગ ઈવેન્ટ યોજાઈ હતી. શહેરના ‘જ’ માર્ગ પર સરિતા ઉદ્યાન ખાતેથી આ બંને દોડને ગાંધીનગરના ડેપ્યુટી મેયર દેવેન્દ્રસિંહ ચાવડા તથા ગુડાના પૂર્વ ચેરમેન આશિષભાઈ દવેએ ફલેગ ઓફ કરાવી હતી. રંગબેરંગી સ્પોર્ટસ વેરમાં સજ્જ દોડવીરોના કારણે સમગ્ર ‘જ’ માર્ગ પર સવારે આહલાદક વાતાવરણ સર્જાયું હતું.

વહેલી પરોઢના ખુશનુમા વાતાવરણમાં ગાંધીનગર રનર્સ ગ્રૂપ દ્વારા આયોજિત આ બંને ઈવેન્ટમાં આશરે પોણા બસ્સો જેટલા દોડવીરોએ ભાગ લીધો હતો. દોડવીરો માટે આયોજકો દ્વારા ખડે પગે એમ્બ્યુલન્સની સુવિધા ઉપરાંત રસ્તામાં હાઈડ્રેશન પોઈન્ટસ, વોશરૂમ્સ તેમજ રિફ્રેશમેન્ટની વ્યવસ્થા પુરી પાડવામાં આવી હતી. જે દોડવીરોએ તેમની નિયત દોડ પુરી કરી હતી તેમને ફિનિશર્સ મેડલ્સથી નવાજવામાં આવ્યા હતા. તમામ દોડવીરોએ ખુલ્લા પગે દોડવાના રોમાંચક અનુભવને મનભરીને માણ્યો હતો.

કુડાસણમાં એસી સર્વિસની દુકાનમાં સટ્ટો રમાડતો સટ્ટોડીયો ઝડપાયો

રૂ. ૨૧,૭૦૦ રોકડા તથા સટ્ટો રમાડવા વપરાતા ત્રણ મોબાઈલ સાથે લોદરાના શખ્સની ધરપકડ : બે શખ્સોના નામ ખુલ્યા

ન્યુ ગાંધીનગરમાં કુડાસણ ખાતે શિવાલય રેસીડેન્સીમાં આવેલી શ્રી ગણેશ એન્ટરપ્રાઈઝ એસી સર્વિસની દુકાનમાં આઈપીએલ લાઈવ ક્રિકેટ મેચ ઉપર સટ્ટો રમાડતા શખ્સને ઈન્ફોસીટી પોલીસે પકડી પડયો હતો. લોદરાના આ પકડાયેલા સટ્ટોડીયા પાસેથી રોકડ રૂ. ૨૧,૭૦૦ અને ત્રણ મોબાઈલ મળી આવ્યા હતા તેની પુછપરછમાં તે જેની પાસે સટ્ટો કપાવતો હતો તે માણસાના બુકીનુ અને તેને બોબડી કાર્ડ આપી જનાર શખ્સનું નામ ખુલવા પામ્યું છે. ઈન્ફોસીટી પોલીસે તેની ધરપકડ કરી ઉંડી પુછપરછ શરુ કરી જેના નામ ખુલ્યા તે બંનેને શોધવા તપાસ તેજ કરી છે.

ઈન્ફોસીટી પોલીસને ચોકકસ બાતમી મળી હતી કે કુડાસણ ખાતે શિવાલય રેસીડેન્સીના ગ્રાઉન્ડ ફલોર ઉપર આવેલી શ્રી ગણેશ એન્ટરપ્રાઈઝ નામની દુકાનમાં માણસાના લોદરા ગામનો અંકિત રાજેન્દ્ર પટેલ સટ્ટો રમાડી રહ્યો છે. આ બાતમી આધારે દરોડો પાડી આઈપીએલ લાઈવ ક્રિકેટ મેચ ઉપર સટ્ટો રમાડી રહેલા અંકિતને ઈન્ફોસીટી પોલીસે દબોચી લીધો હતો. અંકિત પાસેથી ત્રણ મોબાઈલ અને રૂ. ૨૧,૭૦૦ રોકડા મળી આવ્યા હતા. ત્રણ મોબાઈલ પૈકી એક મોબાઈલમાં સટ્ટા માટેનું હોટ ફેવરેટ બોબડી કાર્ડ હતુ અને બીજા મોબાઈલમાં ક્રિકેટ લાઈવ ગુરુ એપ્લીકેશન ડાઉનલોડ કરેલી હતી જેના પરથી સટ્ટાના અંદાજ લેવાતા હતા. ઈન્ફોસીટી પોલીસે રૂ. ૪૮ હજારનો મુદ્દામાલ જપ્ત કરી અંકિતની પુછપરછ કરતા બહાર આવ્યું છે કે તે માણસાના જૈમિન પટેલ નામના બુકી પાસે સટ્ટો લખાવતો હતો અને બોબડી કાર્ડ અંકિતને ‘સ્વામી’ નામના શખ્સે આપ્યું હતું. ઈન્ફોસીટી પોલીસે આ બંને શખ્સોની ધરપકડ માટે તજવીજ શરુ કરી છે.

આજે મહાત્મા મંદિરમાં બે સરકારી કાર્યક્રમોનું આયોજન

શહેરી વિકાસ વિભાગ તેમજ લાઈવલીહુડ મિશનના કાર્યક્રમો

ગાંધીનગર, તા. ૬

આજે મહાત્મા મંદિરમાં એક સાથે બે મહત્વના કાર્યક્રમો યોજવામાં આવ્યા છે. પ્રથમ શહેરી વિકાસ વિભાગ દ્વારા તો બીજો કાર્યક્રમ લાઈવલીહુડ મિશન દ્વારા જીએસટી સહેલી અને ગ્રામોદય યોજનાના આરંભનો કાર્યક્રમ યોજાયો છે.

એક સાથે બે સરકારી કાર્યક્રમોનું આયોજન મહાત્મા મંદિરમાં કરવામાં આવ્યુ હોય તેવી પહેલી ઘટના છે. જો કે એક પછી એક એમ આ કાર્યક્રમો યોજાવાના છે.

રાજયના મુખ્યમંત્રી રૂપાણી આ બન્ને કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવાના છે. આ બન્ને કાર્યક્રમોને લઈ આજે રજાના દિવસે પણ અધિકારીઓ સચિવાલય અને મહાત્મા મંદિર વચ્ચે સતત દોડધામ કરતા જોવા મળ્યા હતા.

ગ્રામીણ વિસ્તાર માટે ગ્રામોદય યોજનાની વિધિવત્ ઘોષણા સાથે મુખ્યમંત્રી આ કાર્યક્રમને ખુલ્લો મુકનાર છે. આ પ્રસંગે જીએસટી સહેલી સોફ્ટવેરનું લોંચિંગ કરાશે.

કાયદો અને કાનૂન ● ચોથા પાનાનું ચાલું

ખેતીની પરવાનગી મેળવવા માટેની સમય મર્યાદા આ હુકમની તારીખથી ૨ વર્ષ સુધીની સમયગાળા માટે લંબાવી આપવામાં આવે છે. અરજદારે નાયબ કલેટરરમાં પટ્ટની રકમ જમા કરાવી ૨ વર્ષમાં બીન પરવાનગી અરજ લગત મંજુરી મેળવી લેવાની રહેશે.

કેટલાક સંજોગોમાં બીન પરવાનગી અરજ લગત મંજુરી સમય મર્યાદાની અંદર મેળવવામાં ના આવે તો તેટલા કારણ સર અરજદારે ખરીદ કરેલ જમીન ખાલસા કરવાનો હુકમ કરી શકાય નહિ આવા કિસ્સામાં સરકારી પરિપત્રો મુજબના સુધારા પટ્ટની રકમ ભરી શરત ભંગ બદલ દંડ વસુલ કરી મુદત પણ વધારી શકાય છે.

અતિતની આજ ● ચોથા પાનાનું ચાલું

ન્યાયાધીશ મિશ્રા ઉપરાંત જે ચાર ન્યાયાધીશો છે એ સર્વોચ્ચ અદાલતના ચારેય વરિષ્ઠતમ ન્યાયાધીશો જે.ચેલમેશ્વર, રંજન ગોગોઈ, કુરિયન જોસેફ અને મદન લોકુરે પત્રકાર પરિષદ લઈને થોડા સમય પહેલાં મુખ્ય ન્યાયાધીશના વલણ અંગે ‘ઑલ ઇઝ નોટ વેલ’ના સંકેત આપ્યા હતા.મુંબઈની સીબીઆઈ કોર્ટના ન્યાયાધીશ બી.એચ.લોયાના મોત અંગેના વિવાદે પણ ન્યાયતંત્રના મતભેદોને બહાર આણ્યા છે.હજુ એમનાં પત્રલેખન અને વિરોધી સૂર ચાલુ જ છે,પણ કૉલેજિયમની બેઠકમાં અને અદાલતી કાર્યવાહીમાં તેઓ ભાગ લઈ જ રહ્યા છે. મહાભિયોગની હિલચાલ તો આ બધા ઘટનાક્રમ દરમિયાન ચાલતી હતી. એટલે જે ૭૧ જણે હસ્તાક્ષર કર્યા હતા અને એ દરખાસ્ત ૨૦ એપ્રિલ, ૨૦૧૮ના રોજ સભાપતિને સુપરત કરાઈ ત્યાં લગી હસ્તાક્ષર કરનારા રાજ્ય સભાના સાત સભ્યો નિવૃત્ત થઈ ચૂક્યા હતા.

રાજ્યસભાના સભ્યો દર છ વર્ષે વારાફરતી નિવૃત્ત થાય છે. જોકે રાજ્યસભામાં વિપક્ષના નેતા અને કૉંગ્રેસના અગ્રણી ગુલામ નબી આઝાદે સ્પષ્ટતા કરવી પડી હતી કે અમારે મહાભિયોગની દરખાસ્ત રજૂ કરવા માટે માત્ર ૫૦ સભ્યોના ટેકાની જ જરૂર પડે, સાત જણને બાકાત ગણાય તો પણ જરૂર કરતાં વધુ સભ્યોનો એને ટેકો છે. કૉંગ્રેસ ઉપરાંત રાષ્ટ્રવાદી કૉંગ્રેસ (એનસીપી), સીપીઆઈ-એમ, સીપીઆઈ, સમાજવાદી પાર્ટી અને મુસ્લિમ લીગના સભ્યોએ મહાભિયોગ દરખાસ્ત પર હસ્તાક્ષર કર્યા હતા. સલમાન ખુરશીદ જેવા કૉંગ્રેસના નેતાએ પોતે આ દરખાસ્ત સાથે સંમત નહીં હોવાનું જણાવીને વિરોધ કર્યો હતો. આવા સંજાગોમાં જસ્ટિસ દીપક મિશ્રા વિરુદ્ધના મહાભિયોગની દરખાસ્તનો સૌથી પહેલો વિરોધ એમના વતન-રાજ્ય ઓડિશાના મુખ્યમંત્રી અને બિજુ જનતા દળના વડા નવીન પટનાઈકે કર્યો હતો. એ પછી પશ્ચિમ બંગાળનાં મુખ્યમંત્રી અને તૃણમૂલ કૉંગ્રેસનાં વડાં મમતા બેનરજીએ પણ એનો વિરોધ કર્યો છે.

ભારતમાં સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશો ૬૫ વર્ષની વયે નિવૃત્ત થાય છે. ત્રીજી ઑક્ટોબર, ૧૯૫૩ના રોજ કટક (ઓડિશા)માં જન્મેલા જસ્ટિસ દીપક મિશ્રા બીજી ઑક્ટોબર, ૨૦૧૮ના રોજ નિવૃત્ત થવાના છે. એટલે એમની નિવૃત્તિ આડે છ મહિના પણ નથી ત્યાં જ એમના વિશેના વિવિધ વિવાદો તથા સાથી ન્યાયાધીશો સાથેના ટકરાવને પગલે મહાભિયોગની દરખાસ્ત આવી છે. જોકે વિપક્ષની રાજ્યસભામાં બહુમતી હોવા છતાં બિજુ જનતા દળ અને તૃણમૂલ કૉંગ્રેસ ઉપરાંત અન્ય કેટલાક વિપક્ષી સભ્યો પણ, મહાભિયોગની દરખાસ્ત મતદાન માટે ગૃહમાં રજૂ થાય તો, એને ટેકો આપે નહીં એવી શક્યતાથી જસ્ટિસ મિશ્રાને હોદ્દા પરથી દૂર કરવાની સ્થિતિ નથી. આમ છતાં સત્તારૂઢ ભાજપ થકી કૉંગ્રેસ બંધારણીય સંસ્થાઓને તોડવાનો પ્રયાસ કરી રહી હોવાના આક્ષેપ થાય છે. સામે પક્ષે કૉંગ્રેસ અને સાથી પક્ષો ભાજપ અને મિત્રપક્ષો બંધારણ સાથે ચેડાં કરી રહ્યા હોવાની ફરિયાદ કરીને બંધારણ બચાવોના કાર્યક્રમો આદરે છે.

સાથે જ ન્યાયાધીશોની નિમણૂકની પ્રક્રિયા પારદર્શી બને એ માટે ઝુંબેશ ચલાવી રહેલી સંસ્થા ‘નેશનલ લૉયર્સ કૅમ્પેઇન ફૉર જ્યુડિશિયલ ટ્રાન્સપરન્સી ઍન્ડ રિફૉર્મ્સ’ થકી સુપ્રીમ કૉર્ટમાં ન્યાયાધીશોની નિમણૂકમાં નર્યો સગાવાદ ચાલી રહ્યાની વિગતો પ્રકાશિત કરવામાં આવે છે. ભાજપના નેતૃત્વવાળી કેન્દ્ર સરકારના મંત્રીઓ રામ વિલાસ પાસવાન સહિતનાએ ન્યાયતંત્રમાં પણ અનામત પ્રથા દાખલ કરવાની ખુલ્લેઆમ માગણી કરીને કેન્દ્ર સરકાર અને ન્યાયતંત્ર પર ભીંસ વધારી છે. અત્યારે દલિત-આદિવાસી સમાજના એક પણ ન્યાયાધીશ સર્વોચ્ચ અદાલતમાં નહીં હોવાની ફરિયાદ સ્વયં મોદી સરકારના મંત્રીઓ જ કરી રહ્યા છે. આવા સંજાગોમાં ભારતીય ન્યાયતંત્રમાં રાજકીય દખલગીરીની ફરિયાદો પણ વધી છે.દેશવાસીઓ માટે હજુ પણ આસ્થાસ્થાન લેખાતા ન્યાયતંત્રની તટસ્થતા, સ્વતંત્રતા અને નિર્ભીકતા જળવાઈ રહે એ દિશામાં સૌકોઈ વર્તે એ અપેક્ષિત છે.

- haridesai@gmail.com

લેકાવાડા ગામ ખાતે શ્રી કચ્છ કાઠિયાવાડ રાજપૂત સેવા સમાજ દ્વારા

રાજપૂત આઈ.એ.એસ અને કેરિયર એકેડમીનો આરંભ

ગાંધીનગર, તા. ૬

શ્રી કચ્છ કાઠિયાવાડ રાજપૂત સેવા સમાજ, ગાંધીનગર દ્વારા સમાજના દીકરા-દીકરીઓને

સ્પર્ધાત્મક પરીક્ષાની તાલીમમાં મદદરૂપ થવાના ઉમદા આશયથી ગાંધીનગરના લેકાવાડા ગામ ખાતે બાશ્રી દશરથબા મહેન્દ્રસિંહજી પરમાર રાજપૂત આઈ.એ.એસ અને કેરિયર એકેડમીનો આરંભ કરવામાં આવ્યો છે.

આ આઈ.એ.એસ અને કેરિયર એકેડમીના આરંભ પ્રસંગે શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું હતું કે, સમાજને શિક્ષણની ભૂખ લાગી છે, તે વાત આનંદની છે. આજના સ્પર્ધાત્મક યુગમાં સમાજના વધુમાં વધુ દીકરા-દીકરીઓને પરીક્ષાની તૈયાર માટે આ એકેડમી ખૂબ જ મદદ રૂપ બની રેહશે. તેમણે આ એકેડમીમાં અપાતા શિક્ષણનો લાભ ગુજરાતના કોઈ પણ ખૂણામાં રહેતો સમાજનો યુવા વર્ગ લાભ લઈ શકે તે માટે ટેકનોલોજીના માધ્યમનો પણ ઉપયોગ કરવાની વાત પર પણ ભાર મુક્યો હતો.

આ પ્રસંગે પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલા અને સમાજના અગ્રણી રાજેન્દ્રસિંહજીએ પણ પ્રાંસંગિક ઉદ્બોધન કર્યા હતા.

કચ્છ-કાઠિયાવાડ રાજપૂત સમાજના પ્રમુખ રમજુભા જાડેજાએ મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત કર્યું હતું. એકેડમીની વિસ્તૃત માહિતી આપી હતી.

આ એકેડમીના આરંભ પ્રસંગે રાજયના મુખ્ય સચિવ ડૉ. જે.એન. સિંગ, ગાંધીનગરના ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડા, પૂર્વ મંત્રી આઈ.કે. જાડેજા, પૂર્વ ધારાસભ્ય કિરીટસિંહજી રાણા, માજી સાસંદ ભરતસિંહજી પરમાર, ચાંપરડાના પૂ.શ્રી મુક્તાનંદ બાપુ સહિત મોટી સંખ્યામાં કચ્છ કાઠિયાવાડના અગ્રણીઓ અને સમાજના ભાઈ બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં.

જલારામ હોસ્પિટલનો મેજર બોડી ચેક-અપ કેમ્પ યોજાયો

ગાંધીનગર શહેરના સેકટર-૬ અપના બજાર પાસે આવેલ જલારામ હોસ્પિટલ ખાતે

આજરોજ જલારામ મેજર બોડી ચેક-અપ પ્રોફાઈલ કેમ્પ સવારે ૯ થી ૫ કલાક દરમિયાન યોજાયો હતો. આ કેમ્પનો ૩૦૦ થી વધુ દર્દીઓએ લાભ લીધો હતો.

ગાંધીનગર જલારામ હોસ્પિટલ દ્વારા આયોજીત મેજર બોડી ચેક-અપ કેમ્પમાં ઓર્થોપેડીક વિભાગમાં ૫૦ જેટલા નાગરીકોએ લાભ લીધો હતો. જેમાં ઘુંટણના દુખાવાની ફરિયાદો વધુ જોવા મળી હતી.જયારે શરીરના હાડકામાં કેલ્શિયમની માત્રા દર્શાવતો ટેસ્ટ નાગરીકોને વિના મુલ્યે કરી આપવામાં આવ્યો હતો. મેજર બોડી પ્રોફાઈલ નજીવા દરે હોવાથી ૨૦ જેટલા દર્દીઓએ લાભ લીધો હતો. મેડીસીન વિભાગમાં પણ દર્દીઓનો ધસારો દિવસ દરમિયાન જોવા મળ્યો હતો. સાઈકયાટ્રીક, યુરોલોજી, માનસીક રોગ તેમજ ઉંઘની બિમારીઓમાં મળીને કુલ ૧૦૦ જેટલા દર્દીઓએ લાભ લીધો હતો. જયારે દર્દીઓ-નાગરીકોને વિવિધ ટેસ્ટ રૂ.૪૦૦ માં તેમજ ઈસીજી માત્ર રૂ. ૫૦ કરી આપ્યો હતો. નાગરીકોને જરુરી દવાઓ રાહત દરે આપવામાં આવી હતી. કેમ્પમાં ઓર્થોપેડીકમાં તબિબિ સેવા ડો.હાર્દિકસિંહ વાઘેલા, ફિજીશીયન વિભાગમાં ડો.કે.એ. તલાસાણીયા તેમજ મેડીસીન વિભાગમાં ડો.મયંક પટેલ, યુરોલોજી વિભાગમાં ડો.રાઘવેન્દ્ર કશ્યપ તેમજ સાઈકયાટ્રીકમાં ડો. જીગ્નેશ ચૌધરીએ તબિબિ સેવાઓ પુરી પાડી હતી.

ચેક મળશે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આ સમારોહમાં રાજ્યના મુખ્યમંત્રી રૂપાણી ઉપરાંત નાયબ મુખ્યમંત્રી તેમજ મંત્રીમંડળના સભ્યો ઉપસ્થિત રહેનાર છે.ગુડાને પણ આ જ સમારોહમાં આંતર માળખાકીય સુવિધાઓની કામગીરી સહિત વિસ્તારમાં વિવિધ વિકાસના કામો માટે નાણાં આપવામાં આવશે. મુખ્યમંત્રી દ્વારા આ કાર્યક્રમમાં શહેરી વિકાસ વિભાગને લઈ કેટલીક મહત્વની જાહેરાતો પણ થનાર છે. આ ઉપરાંત શહેરી વિસ્તારની સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓ માટે કમિશ્નર મ્યુનિસીપાલીટીઝની કચેરીને વિધિવત્ ખુલ્લી મુકવા ઉપરાંત ચાર ઝોન કચેરીઓ પણ આજથી કાર્યરત કરવામાં આવશે. આ માટેની સ્ટાફ પેટર્ન તેમજ અન્ય વહીવટીય કામગીરી પૂર્ણ થઈ ગઈ છે જે ઉલ્લેખનીય છે.

પ્રવેશ આપવાની... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સંયુક્ત શિક્ષણ નિયામક એન પી રાવલના જણાંવ્યા મુજબ આર ટી આઈ અન્વયે ઓનલાઈન ફોર્મ ભરવાની મુદત તા ૫ મેંના રોજ પુર્ણ થાય છે. પરંતુ પ્રવેશ ફોર્મ ભરવાની મુદત ૮ મેં સુધી લંબાવી દેવામાં આવી છે. જયારે ઓનલાઈન પ્રવેશ ફોર્મ જમા કરાવાની છેલ્લી તારીખ ૮ મેં ના બદલે ૯ મેં સુધી લંબાવી દેવામાં આવી છે. અમદાવાદ ,સુરત વડોદરા, રાજકોટ અને ભાવનગર તેમજ ગાંધીનગરમાં આ મુજબ આર ટી ઈના ફોર્મ ભરવાની તેમજ સ્વીકારવાની તારીખનો અમલ કરવાનો રહેશે તેમ પણ તેમણે જણાંવ્યુ છે. ગાંધીનગરમાં પણ આર ટી ઈ અન્વયે પ્રતિવર્ષ નોંધપાત્ર સંખ્યામાં વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવે છે.

ગણતરીમાં...● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કેટલાક અધિકૃત આંકડાકીય સ્ત્રોત છે, તેમાનો પાયાનો અને વિશ્વસનીય સ્ત્રોત દસ વાર્ષિક વસ્તી ગણતરી અહેવાલ-સેન્સસ રિપોર્ટ છે. આ સેન્સસ છેલ્લી દોઢ સદીનો ભારતનો ઈતિહાસ ખડો કરી આપે છે. ૨૦૧૧ના છેલ્લી વસ્તી ગણતરીના આધારે ગાંધીનગર અને ગુજરાતની એક તુલનાત્મક સમજ વહેંચવાનો પ્રયાસ ‘ગાંધીનગર સમાચાર’ ગુજરાત યુનિવર્સિટી સમાજશાસ્ત્ર વિભાગના સમાજશાસ્ત્ર વિષયના સહ પ્રાધ્યાપક રાજેન્દ્ર જાનીની કલમે મંડાતી કોલમ ‘ગમતરીમાં ગાંધીનગર’ થકી કરશે. ગાંધીનગર સમાચારમાં વર્ષ ૨૦૧૫ થી ગાંધી-૧૦૦ કોલમ લખી રહેલા રાજેન્દ્ર જાનીની કલમના કસબથી સુપેરે પરિચિત છે તેમની કોલમમાં ગાંધીનગરના સમાજજીવન-સાંસ્કૃતિક-આર્થિક જીવનને આંકડાને આધારે સ્પષ્ટ કરવાનો ઉપક્રમ દર સપ્તાહે જોઈ શકાશે. નવા જ વિષયને વણ ખેડાયેલી વણ લખાયેલી ગાંધીનગરની ઓછી જાણીતી અને સાવ અજાણી વાતો તેઓ માંડતા રહેશે. ગાંધીનગર સમાચાર તેમને આવકારતા આનંદ અનુભવે છે.

ઝીણાની પ્રશંસા

● અનુસંધાન પહેલાનું ચાલુ

ઝીણાની ભારે પ્રશંસા કરી છે. અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટીમાં મોહમ્મદ અલી ઝીણાના ફોટાને દૂર કરવાને લઈને વિવાદ ચાલી રહ્યો છે ત્યારે કોંગ્રેસના નેતા મણિશંકર અય્યરે પાકિસ્તાનમાં જઈને આ મુસ્લિમ નેતાને કાયદેઆઝમ તરીકે ગણાવીને પ્રશંસા કરી છે. પાકિસ્તાનના સ્થાપકની અય્યરે ભરપુર પ્રશંસા કરી છે. ઝીણાને લઈને શાબ્દિક યુદ્ધનો દોર ભાજપ અને કોંગ્રેસ વચ્ચે ચાલી રહ્યો છે ત્યારે અય્યરે આ નવો વિવાદ છેડી દીધો છે. ભાજપે તરત જ તક ઝડપી લીધી છે. અય્યરની ઝાટકણી કાઢતા ભાજપ પ્રમુખ અમિત શાહે કહ્યું છે કે, કોંગ્રેસ પાર્ટી અને પાકિસ્તાન વચ્ચેની મિત્રતા ફરી એકવાર સપાટી ઉપર આવી છે. ૨૦૧૭ ગુજરાત વિધાનસભાની ચૂંટણીનો ઉલ્લેખ કરતા અમિત શાહે કહ્યું હતું કે, કોંગ્રેસ પાર્ટી પાકિસ્તાનને શાના માટે સામેલ કરી લે છે તે બાબત સમજાતી નથી. બીજી બાજુ મુંબઈ ભાજપના ધારાસભ્ય પ્રભાત લોધાએ માંગ કરી છે કે, ઝીણા હાઉસ અને ઝીણા હોલને સાંસ્કૃતિક સેન્ટરમાં ફેરવી નાંખવા જોઈએ. સાથે સાથે તેમનામાંથી ઝીણાનું નામ દૂર કરી દેવું જોઈએ.

આતંકી ઠાર

● અનુસંધાન પહેલાનું ચાલુ

આજે અથડામણમાં હિઝબુલનો કમાન્ડર સદ્દામ અને તેના બે સાથી બિલાલ મૌલવી અને આદિલ સહિત પાંચ ત્રાસવાદીઓ માર્યા ગયા હતા. સદ્દામને પોસ્ટરબોય તરીકે પણ ગણવામાં આવી રહ્યો હતો. સદ્દામ હિઝબુલનો ટોપ કમાન્ડર હતો અને બુરહાન વાની બ્રિગેડમાં સામેલ રહેલા ત્રાસવાદીઓ પૈકી એક માત્ર જીવિત કમાન્ડર હતો. આ અથડામણ દરમિયાન બે સુરક્ષા જવાનો પણ ઘાયલ થયા છે. ઘાયલોમાં સેના અને પોલીસના એક એક જવાનનો પણ સમાવેશ થાય છે. કાશ્મીર યુનિવર્સિટીના પ્રોફેસર સહિત પાંચ ત્રાસવાદીઓ માર્યા ગયા હતા. તાજેતરમાં જ આતંકવાદના રસ્તા પર જતા રહેલા કાશ્મીર યુનિવર્સિટીના પ્રોફેસર મોહમ્મદ રફી ભટ્ટનો પણ સફાયો થયો છે તે શુક્રવારના દિવસે લાપત્તા થઈ ગયો હતો.

માતા-પિતા બનશે... ● અનુસંધાન પહેલાનું ચાલુ

વર્ષની બાળકીના પરિજન બનશે અને બાળકીના શિક્ષણ સાથે સંબંધીત તમામ ખર્ચ પોતે ઉઠાવશે. ગુંટુર શહેરમાં સરકારી હોસ્પિટલમાં દાખલ કરાવવામાં આવેલી બાળકી સાથે વાતચીત કર્યા બાદ તેમણે આ નિર્ણય લીધો હતો. ચંદ્રબાબુએ કહ્યું હતું કે, તે પોતાના અંગત પૈસા બાળકીના શિક્ષણ પર ત્યાં સુધી ખર્ચ કરશે, જ્યાં સુધી તે પોતાના લક્ષ્યાંકો હાંસલ ના કરી લે. નાયડૂએ કહ્યું હતું કે, પીડિતાના માતા-પિતાની જવાબદારીઓ નિભાવતા રહેશે, પરંતુ હું મારી રીતે બાળકીને યોગ્ય શિક્ષણ અપાવવાનો પ્રયાસ કરીશ. જિલ્લા અધિકારીને બાળકી માટે જીલ્લાની સૌથી સારી સ્કૂલની ઓળખ કરવા કહ્યું છે.

‘ફેરવેલ’ આપો... ● અનુસંધાન પહેલાનું ચાલુ

વધવાની આદત થઈ છે. મોદીએ કહ્યુ કે, ’’કોંગ્રેસનું ચરિત્ર જુઓ કે જેની જયંતિ મનાવવી જોઈએ તેની જયંતી મનાવતા નથી. વીરા મરકડીને ભૂલાવી દીધી પરંતુ વોટ માટે સુલ્તાનોની જયંતી મનાવી રહ્યા છે. આ જયંતી થી કોંગ્રેસ કર્ણાટકના લોકો અને ખાસ તો ચિત્રદુર્ગા લોકોનું અપમાન કર્યુ છે.’’ર મોદીએ કહ્યુ કે, ’’ચિત્રદુર્ગના નાયકોએ ઝેર આપી અને દલિત વીરાંગનાનો હત્યા કરનારની જયંતિ મનાવીને કોંગ્રેસે ઈતિહાસનું અપમાન કર્યું છે.’’

મોદીએ કહ્યું કે કોંગ્રેસના નેતાઓને લોકો તેની ડીલની નામથી પણ જાણે છે. તેમણે કહ્યું કે, ’’કોંગ્રેસ પાર્ટી ન તો દિલવાળી છે અને ન તો દલિતવાળી છે. તે માત્ર ડીલવાળી છે. અહિના મુખ્યમંત્રી તો એવા છે કે પોતાની સુટકેસમાં કેરેક્ટર સર્ટિફિકેટ તૈયાર રાખે છે. કોઈ મંત્રી પર સવાલ ઉઠે છે તો તરત જ સાઈન કરીને આપી દે છે.’’સ્એ જણાવ્યું હતું કે જે કોંગ્રેસ પાર્ટી તમારા વેલ્ફેર વિશે ન વિચારે તેને ફેરવેલ આપી દેવાનો સમય આવી ગયો છે.

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ
કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
BRIDGESTONE
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી.
એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ,
હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર,
વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા
ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS
Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેન